# શાળાઓમાં પાઠ્યપુસ્તકના નિયમોની વિદ્યાર્થીઓના વાલીઓએ કરી પ્રસંશા

### કેન્દ્ર અને રાજ્ય દ્વારા જાહેર કરાતા અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકને અનુસરવું ફરજિયાત

મુંબઇ: શહેરની શાળાના વિદ્યાર્થીઓના માતા-પિતાએ નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ફોર ચાઇલ્ડ રાઇટ્સ (એનસીપીસીઆર) દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્રની પ્રસંશા કરી હતી. નવમી મેના રોજ રજૂ કરેલા આ પરિપત્રમાં દેશમાં શાળાઓને માત્ર સૂચિત પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવા અને રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાને અનુસરવાની ચેતવણી આપી હતી.

એનસીપીસીઆરે શાળાઓને સક્ષમ સરકારી અધિકારીઓ દ્વારા સૂચિત અભ્યાસક્રમનું પાલન કરવાનો આદેશ આપ્યો હતો. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઇઆરટી) અને સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એસસીઇઆરટી) આ બંને સંસ્થાઓ પાઠ્યપુસ્તકના લેખન માટે કામ કરે છે. જો રાજ્ય કે કેન્દ્રીય બોર્ડ એનસીઇઆરટી અને એસસીઇઆરટી દ્વારા બનાવવામાં આવેલા અભ્યાસક્રમને અનુસરતા નથી તેમની વિરુદ્ધ આરટીઆઇ કાયદાનું ઉલ્લંઘન કરવાના ગુના હેઠળ સખત કાર્યવાહી કરવામાં આવશે, તેવું પરિપત્રમાં જાહેર કરાયું હતું. ઘણી શાળાઓ વિદ્યાર્થીઓને ખાનગી પ્રકાશકોની પુસ્તકો ખરીદવા માટેના આદેશ આપતા હોય તેવી ફરિયાદો વિદ્યાર્થીઓના માતા-પિતા દ્વારા કરવામાં આવતી હતી. જોકે, આ પરિપત્ર જાહેર થયા બાદ શાળામાં ભણતા વિદ્યાર્થીઓના માતા-પિતાની મુશ્કેલીઓનો ઉકેલ લવાયો છે. ■

# પ્રોપર્ટીના સર્વેક્ષણ માટે ડ્રોનનો ઉપયોગ

### ૩૯,૦૦૦થી વધુ ગામડામાં રહેણાંક અને અન્ય મિલકતોની ચોક્કસ સ્થિતિની આકારણી માટે ખર્ચાશે રૂ. ૩૭૩ કરોડ: સરકારી પ્રોપર્ટી પર અતિક્રમણ થયું છે કે નહીં તેની પણ મળશે જાણકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર અત્યંત મહત્ત્વના પ્રોજેક્ટ હેઠળ રૂ. ૩૭૩ કરોડનો ખર્ચ કરીને રાજ્યના ૩૯,૦૦૦થી વધુ ગામડામાં આવેલી રહેણાંક અને અન્ય પ્રકારની પ્રોપર્ટીની ચોક્કસ આકારણી અને અત્યારની હાલત અંગેની સ્પષ્ટ સ્થિતિની જાણકારી મેળવશે. આ પ્રોજેક્ટ હેઠળ અનમેન્ડ એરિયલ વેહિકલ (યુએવી) અથવા તો ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂરો થશે.

મહારાષ્ટ્રના ગાવઠણ વિસ્તારોની વસ્તી ૨,૦૦૦ પાર કરે એટલે તેનું સર્વેક્ષણ પરંપરાગત પદ્ધતિએ કરવામાં આવતું હોય છે, પરંતુ રાજ્યના ૪૩,૦૦૦ ગામડામાંથી છેલ્લાં ૫૦ વર્ષમાં ફક્ત ૩,૯૩૧ ગામડાનું સર્વેક્ષણ થઈ શક્યું છે. આ સર્વેક્ષણમાં ખાનગી માલિકીની જગ્યાઓ, સરકારી માલિકીની જગ્યાઓ, વેરાન જગ્યાઓ, ખુલ્લી જમીનો વગેરે બાબતોને આવરી લેવામાં આવે છે.

રાજ્યનાં ૩૯,૭૩૩ ગામડાઓમાં ઔપચારિક સર્વેક્ષણ થયું ન હોવાથી તેમની પાસે ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવતી ટેક્સની રસીદ સિવાય અન્ય કોઈ માલિકીના દસ્તાવેજો કે રેકોર્ડ્સ નથી. આને કારણે બૅન્કો પાસેથી લોન લેવામાં તેમને અનેક તકલીફોનો સામનો કરવો પડે છે.

સર્વે ઓફ ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ પુણેના પુરંદર તાલુકામાં ગયા વર્ષે આનો પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો અને તેનાં પરિણામોને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જોકે આ પ્રોજેક્ટની અત્યારે પ્રારંભિક તૈયારીઓ પૂરી થઈ ગઈ છે અને એકાદ મહિનામાં ડ્રોનથી સર્વેક્ષણ કરવાનું ચાલુ કરી દેવામાં આવશે.

એકસાથે ૪૦ ડ્રોનના માધ્યમથી સર્વેક્ષણનું કામ કરવામાં આવશે અને ૧.૪ કરોડ પ્રોપર્ટીની આકારણી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ જે નાણાંનો ખર્ચ કરવામાં આવશે તેની વસૂલાત પ્રોપર્ટી માલિકોને તેમના પ્રોપર્ટીના દસ્તાવેજો આપીને કરવામાં આવશે. પાઈલોટ પ્રોજેક્ટમાં સરકારે સર્વેક્ષણ માટે ૨.૮૮ લાખનો ખર્ચ કર્યો હતો અને દસ્તાવેજો આપીને વિભાગને ૨.૫૮ લાખની આવક થઈ હતી. ■

# મુંબઈની હવા સારી થઇ, પ્રદૂષણનું પ્રમાણ ઘટ્યું

### ૮થી ૧૦ સ્થળ શ્વાસ લેવામાં યોગ્ય થઇ હોવાનો અહેવાલ

મુંબઈ: ગરમીને કારણે ભલે મુંબઈગરા હેરાન થઇ ગયા હોય, પરંતુ અહીંની હવાને લઇને સારી ખબર છે. વાહનોની વધતી જતી સંખ્યા અને વિકાસકામોને કારણે શહેરમાં પ્રદૂષણ અને ધૂળનું પ્રમાણ વધતા હવાની ગુણવત્તા ખરાબ થઇ છે.

જોકે, છેલ્લાં ત્રણ દિવસથી મુંબઈ અને આસપાસના વિસ્તારમાં હવાની સ્થિતિ સારી થઇ છે. સિસ્ટમ ઑફ ઍર ક્વૉલિટી ઍન્ડ વેધર ફોરકાસ્ટિંગ ઍન્ડ રિસર્ચ (સફર) અનુસાર ૮૯ ઍર ક્વૉલિટી ઇન્ડેક્સ (એક્યુઆર) સાથે મુંબઈની હવા સંતોષજનક સ્થિતિમાં રહી.

સફરના અધિકારીના જણાવ્યા અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને આકાશ સાફ હોવાથી શહેરની હવા સારી થઇ છે. આગામી ચાર-પાંચ દિવસ હવાની ગુણવત્તા સારી જ રહેવાની છે. નોંધનીય છે કે હવાની ગુણવત્તા ખરાબ થતા શ્વસનતંત્રને લગતી બીમારી અને એલર્જીની સમસ્યા વકરે છે.

સફરના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર સમુદ્રની તરફથી ચાલતી હવા અને આદ્રતાનું સ્તર વધુ હોવાથી હવાની ગુણવત્તા સારી થઇ છે. આગામી થોડા સમય સુધી હવા સારી રહેવાની છે.

હવાની ગુણવત્તા સારી રહેતા અસ્થમાના દર્દીને રાહત મળી છે, પરંતુ આ રાહત માત્ર બે-ત્રણ દિવસ પૂરતી નહીં, લાંબા સમય સુધી રહેવી જોઇએ, એમ સંક્રમણ રોગ નિષ્ણાતે જણાવ્યું હતું. ■

# રાજ્ય સરકાર સાડા સાત કરોડ એલઇડી બલ્બનું વિતરણ કરશે

### દસ હજાર કરોડ યુનિટ વીજળીની બચત થશે અને પર્યાવરણમાં ૭૯ કરોડ ટન કાર્બનનું ઉત્સર્જન રોકી શકાશે

મુંબઈ: સતત વધી રહેલી વીજળીની માગણીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સાત કરોડ એલઇડી બલ્બનું વિતરણ કરીને વીજળીના વપરાશમાં ઘટાડો કરવા કમર કસી છે. આ બલ્બની કિંમત બજારભાવ કરતાં અત્યંત ઓછી હશે.

કેન્દ્રીય ઊર્જા વિભાગ અંતર્ગત કાર્યરત એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લિમિટેડ કંપની વીજળીની બચત માટે રાહતના દરે એલઇડી બલ્બ ઉપલબ્ધ કરાવશે. આ બલ્બ સ્ટ્રીટ લાઇટ અને ઘરમાં લગાડવાની યોજના સરકારની છે.

૨૦૧૯ના અંત સુધીમાં સાત કરોડ ૭૦ લાખ બલ્બનું વિતરણ કરવામાં આવશે.

આ યોજનાને કારણે વર્ષમાં અંદાજે દસ હજાર કરોડ યુનિટ વીજળીની બચત થશે. તે સાથે જ વીજળીનું નિર્માણ કરતી વખતે ઉત્સર્જિત થનારા ૭૯ કરોડ ટન કાર્બનનું ઉત્સર્જન રોકી શકાશે. ■

# દેશભરમાં ક્રિકેટ પર રમાતા સટ્ટાનું મુંબઇ કનેક્શન

મુંબઇ: ક્રિકેટ પર રમાતા સટ્ટાને રોકવા માટે દેશની વિવિધ ઇનવેસ્ટિગેશન એજન્સીએ તમામ પ્રયોગો કર્યા છતાં પણ જુગારીઓ કાયદાની સાંકળમાં અટવાતા નથી. તેમાંથી બહાર નીકળવા માટે દરેક વાર નવા રસ્તાઓ શોધી લેતા હોય છે. તાજેતરમાં જાણવા મળ્યું હતું કે દેશભરમાં ક્રિકેટ બુકી કસીનોના લાઇસન્સ પર ક્રિકેટ પર સટ્ટો રમાઇ રહ્યો છે.

બાંદ્રા ક્રાઇમ બ્રાન્ચે બે જુગારીઓને જુહુની એક હૉટેલમાં ધરપકડ કર્યા બાદ ક્રિકેટ પર રમાતા સટ્ટાનું કનેક્શન પાછલા પખવાડિયે જ સામે આવ્યું હતું. તેમાંથી એક જુગારીનો બ્રિટિશ પાસપોર્ટ છે. બંને આરોપીઓ સાથે પૂછપરછ કરવામાં આવતાં આ માહિતી મળી હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર આ તમામ બુકીઝ દેશના ઇશાન્ય દિશાના એક રાજ્યથી કસીનોને ઓનલાઇન રમવાનું લાઇસન્સ મળ્યું હતું. તે માટે તેમણે અમુક એપ્લિકેશન પણ બનાવ્યા છે. તેમાં ખાસ પ્રકારનું સોફ્ટવેર બનાવીને ક્રિકેટ પર સટ્ટો રમવામાં આવી રહ્યો હોવાનું જાણવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય જુગારીઓના નફા નુકસાનની રકમ વિદેશના કોઇ બૅંક અકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. તાજેતરમાં આઇપીએલની ફાઇનલ મેચ પર રમાયેલા સટ્ટામાં હૈદરાબાદના એક યુવકે ૫૦,૦૦૦ કરોડ રૂપિયા જીત્યા હતા. આ રકમને વિદેશી બેન્કમાં ઓનલાઇન પદ્ધતિથી ટ્રાન્સફર કરવામાં આવે તેવું જાણવા મળ્યું હતું. ■

# બેસ્ટ ખાનગીકરણના માર્ગે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આર્થિક રીતે ફસડાઈ પડેલી બેસ્ટ ઉપક્રમના માથે કરોડો રૂપિયાનું દેવું છે અને કર્મચારીઓને પગાર ચૂકવવા માટે પણ તેની પાસે પૈસા નથી ત્યારે બેસ્ટને નફો કરતી બનાવવા માટે ખાનગી બસનો આધાર લીધા સિવાય છુટકો ન હોવાનું પાલિકા કમિશનર પ્રવીણ પરદેશીએ કહ્યું હતું.

બેસ્ટ ઉપક્રમ આર્થિક ખોટમાં છે. પ્રતિદિન લગભગ એક હજાર કરોડ રૂપિયાનું નુકસાનને બેસ્ટ સહન કરવું પડે છે. તો બેસ્ટના વીજ વિભાગના માધ્યમથી ફક્ત દોઢસો કરોડ રૂપિયાનો નફો થાય છે પણ માથા પર રહેલું દેવું અને આર્થિક ખેંચને કારણે બેસ્ટ પાસે આર્થિક ભંડોળ ઓછું છે. તેથી ખાનગી તત્ત્વ પર ભાડાં પર ચારથી પાંચ હજાર બસ લીધા સિવાય કોઈ ઉપાય નથી તેને કારણે ખોટ, નુકસાન અને ખર્ચને ઘટાડવામાં મદદ મળવાની છે.

જોકે ખાનગી બસ ભાડાં પર લીધા બાદ પણ બેસ્ટ ઉપક્રમમાં હાલ ફરજ બજાવી રહેલા કર્મચારીઓને નોકરી ગુમાવવી પડશે નહીં. તેમની નોકરીને કોઈ જોખમ નથી એવું કમિશનરે સોમવારે કહ્યુ હતું.

અહીં ઉલ્લેખનીય છે કે બેસ્ટ પ્રશાસન નવી બસ ખરીદવાને બદલે ભાડાં પર બસ લેવા માગે છે તેથી સામે બેસ્ટ કર્મચારીઓના યુનિયનનો વિરોધ છે, ત્યારે યુનિયન સાથે આ મુદ્દે ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે એવી સ્પષ્ટતા પણ કમિશનરે કરી હતી.

પાલિકા એક સ્વાયત્ત સંસ્થા છે તેથી સાર્વજનિક ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા કરવાની જવાબદારી પાલિકા પ્રશાસનની છે પણ બેસ્ટ ઉપક્રમની ખોટ વધુ છે, તેથી તેની ભરપાઈ કરવા માટે વિવિધ ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવશે, ત્યારબાદ બાકી રહેલી ખોટની ભરપાઈ કરવાની જવાબદારી મુંબઈ મહાનગરપાલિકાની રહેશે એવો દાવો કમિશનરે કર્યો હતો. ■

# આઇઆઇટીમાં ૮,૦૦૦ અરજદારોએ પ્રવેશ માટે ઇડબલ્યુએસ ક્વૉટાનો ઉપયોગ નથી કર્યો

મુંબઇ: આઇઆઇટીમાં આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવેલી આરક્ષિત જગ્યાનો ઉપયોગ ઘણા લાયક વિદ્યાર્થીઓએ ન કરતાં જેઇઇ-એડવાન્સ કોર્સ માટે જનરલ કેટેગરીમાં પ્રવેશ મેળવી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ૨૩,૦૦૦ જેટલા જેઇઇ-મેઇલ કોર્સ કરી રહેલા વિદ્યાર્થીઓએ ઇકોનોમિકલી વીકર સેક્શન (ઇડબલ્યુએસ) ક્વૉટામાં પ્રવેશ લીધો હતો અને જેઇઇ-એડવાન્સ કોર્સ માટે પાત્રતા મેળવી હોવાનું જાણવા મળ્યું હતું. આમાંથી ૮,૦૦૦ વિદ્યાર્થીઓએ ઇડબલ્યુએસ ક્વૉટા માટે ઓછા કટ-ઓફથી પ્રવેશ મેળવવાનો લાભ ન લેતાં ઓપન કેટેગરીમાં પ્રવેશ મેળવી રહ્યા છે.

જેઇઇ-એડવાન્સ કોર્સની પાત્રતા મેળવવા મેળવવા માટે ઓપન કેટેગરીના કટ-ઓફ ૮૯.૭૫ ટકા છે, જ્યારે ઇડબલ્યુએસ ક્વૉટાના વિદ્યાર્થીઓના કટ-ઓફ ૭૮.૨૧ ટકા જેટલું છે. ઇડબલ્યુએસ ક્વૉટાના જે વિદ્યાર્થીઓને ૮૯.૭૫ ટકા કરતાં વધુ માર્ક્સ છે, તેઓ આરક્ષિત ક્વૉટાનો લાભ લઇ રહ્યા નથી. આઇઆઇટીના અધિકારીના જણાવ્યા મુજબ, ઇડબલ્યુએસ ક્વૉટાના અમલીકરણનું આ પ્રથમ વર્ષ છે. જેઇઇ-મેઇન કોર્સ માટે પ્રવેશ માટે જે વિદ્યાર્થીઓએ જાન્યુઆરી મહિનામાં પ્રવેશ લીધો છે, તેમને ઇડબલ્યુએસ ક્વૉટા વિશેની માહિતી અપડેટ કરવામાં આવી હોવા છતાં પણ તેઓ ચૂકી ગયા હોવાનું જાણવા મળ્યું હતું, કારણ કે આઇઆઇટીમાં આ ક્વૉટાનું અમલીકરણ જાન્યુઆરી બાદ કરવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓએ જેઇઇ-મેઇન માટે ઇડબલ્યુએસ ક્વૉટા અંતર્ગત રજિસ્ટ્રેશન કર્યું હતું, તેમની પાસે માન્ય પ્રમાણપત્ર ન હોવાને કારણે આ ક્વૉટાનો લાભ લઇ શક્યા નથી. અમને આ અંગે ઘણી ફરિયાદો આવી રહી હોવાથી તેનો ઉકેલ લાવવા આઇઆઇટી પ્રશાસન વિચારણા કરી રહ્યું છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## સોનાના દાગીના

રૂપિયાનું સોનું અને સાડાપાંચ લાખની રોકડ પણ નીતેશના ઘરમાંથી ચોરાઈ હતી. પરિણામે પોલીસે હત્યા બાદ લૂંટનો મામલો નોંધ્યો હતો.

કેસની તપાસ માટે ઈન્સ્પેક્ટર ગણેશ પવાર અને મનોહર શિંદેના વડપણ હેઠળ પોલીસની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. પડોશીઓ, મિત્રોની પૂછપરછ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસ હેમંતની શોધ ચલાવી રહી હતી. ગુનો આચરી રાજસ્થાન ફરાર થઈ ગયેલો હેમંત ફરી મુંબઈ આવી રહ્યો હોવાની માહિતી મળતાં પોલીસે તેને પકડી પાડ્યો હતો. આરોપી પાસેથી ચાર લાખ રૂપિયાની રોકડ અને કેટલાક સોનાના દાગીના હસ્તગત કર્યા હતા.

દિંડોશી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર રાજારામ વનમાનેએ જણાવ્યું હતું કે આરોપી અને મૃતક રાજસ્થાનના એક જ ગામના વતની છે. આરોપી પણ દાગીના બનાવવાનો કારીગર હોઈ મલાડમાં જ તેનું કારખાનું હતું. જોકે દારૂનો આદિ બનેલો આરોપી બિયરબારમાં રૂપિયા ઉડાવવા લાગ્યો હતો, જેને કારણે તેના માથે દેવું થઈ ગયું હતું. ત્રણ મહિના અગાઉ આરોપીએ કારખાનું પણ બંધ કરી દેવું પડ્યું હતું.

બીજી બાજુ, આ બધી વાતની નીતેશ આરોપીની પત્નીને જાણ કરતો હતો. આરોપી અને તેની પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થવા લાગ્યા હતા. કૌટુંબિક વિવાદથી કંટાળી પત્ની આરોપીને છોડી તેના પિયર રાજસ્થાન રહેવા જતી રહી હતી. હાલમાં તેણે છૂટાછેડા માટે કોર્ટમાં કેસ કર્યો હોવાનું કહેવાય છે.

નીતેશના ભડકાવવાને કારણે જ પોતાનું લગ્નજીવન પડી ભાંગ્યું હોવાની શંકાને કારણે હેમંત તેના પર ગિન્નાયો હતો. ગર્ભવતી પત્ની પ્રસૂતિ માટે રાજસ્થાન સ્થિત પિયર ગઈ હોવાથી નીતેશ ઘરમાં એકલો જ હતો. આ તકનો લાભ ઉઠાવી આરોપી શુક્રવારની મધરાતે એક વાગ્યાની આસપાસ નીતેશના ઘરે ગયો હતો. ચર્ચા દરમિયાન બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. શનિવારના મળસકે પાંચ વાગ્યાની આસપાસ ગુસ્સામાં આરોપીએ નીતેશની ડાબી આંખમાં તીક્ષ્ણ વસ્તુ ભોંકી હતી. વધુપડતા રક્તસ્રાવને કારણે નીતેશનું મૃત્યુ થયું હતું. ઘરમાંથી સોનું અને રોકડ લૂંટી દરવાજાને બહારથી લૉક કરીને આરોપી ફરાર થઈ ગયો હતો. ■

## અપહરણ

જણાવ્યું હતું કે ૯ મેની રાતે કોઈને કંઈ પણ જાણ કર્યા વિના બન્ને જણ સગાને ઘરેથી નીકળી ગઈ હતી. શોધખોળ છતાં પરિવારજનોને તેમની કોઈ ભાળ ન મળતાં સોનોલી પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. યુપીના પ્રયાગરાજ ખાતે રહેતો અભિજિત યાદવ તેમને પોતાની સાથે લઈ ગયો હોવાની શંકા ફરિયાદમાં વ્યક્ત કરાઈ હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પાલઘર ક્રાઈમ બ્રાન્ચના સબ-ઈન્સ્પેક્ટર સુરેન્દ્ર શિવદેને માહિતી મળી હતી કે એક શખસ બે કિશોરીને સાથે લાવ્યો છે અને તેમને વસઈ ખાતેના પોતાના નિવાસસ્થાને રાખી છે. માહિતીને આધારે પોલીસની ટીમે મંગળવારની સાંજે બન્ને કિશોરીને છોડાવી યાદવની ધરપકડ કરી હતી.

પોલીસને શંકા છે કે દેહવેપારમાં ધકેલવા માટે આરોપી બન્ને કિશોરીને વસઈ લાવ્યો હતો. કિશોરીઓને છોડાવવામાં આવી હોવાની જાણ તેમના વડીલોને કરવામાં આવી હતી.

(પીટીઆઈ) ■

## પ્રતિમા ચોરનારો

દ્વારા મળી હતી. માહિતીને આધારે પોલીસે છટકું ગોઠવી માહિમથી આરોપીને પકડી પાડ્યો હતો.

પૂછપરછમાં આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે તેણે પ્રતિમા ૧.૨ લાખ રૂપિયામાં દૂધ વ્યાવસાયિક દવેને વેચી હતી. પોલીસે દવેના ઘરેથી પ્રતિમા હસ્તગત કરી હતી. આરોપી પરુળેકરે એન. એમ. જોશી માર્ગ પોલીસની હદમાં પણ ચોરી કરી હોવાનું પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું. ■

## રેલવે ટ્રેક

સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓને પણ ભાગ લેવા માટે અપીલ કરવામાં આવી છે. રેલવેના અધિકારી સાથે આરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ)ના જવાન, સ્વૈચ્છિક સંસ્થા તથા સરકારી સંસ્થાના અધિકારીઓને પણ આ અભિયાનમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. મુંબઈ ડિવિઝનમાં ખાસ કરીને રેલવે ટ્રેક નજીકની ઝૂંપડપટ્ટીવાળા વિસ્તારને વિશેષ આવરી લેવામાં આવશે, જેમાં લોકલ ટ્રેનના પ્રવાસીઓને પણ ટ્રેનમાં કચરો, પાણીની બોટલ ટ્રેક પર નહીં ફેંકવાની અપીલ કરવામાં આવશે, એવું પશ્ચિમ રેલવેની અખબારી યાદીમાં જણાવ્યું હતું. ■

## વૈતરણા

આ બ્રિજની હાલત ખરાબ છે, પરંતુ રેલવે પ્રશાસનને બ્રિજ રિપેરિંગ કરવાની જરૂરિયાત નહીં હોવાથી હાથ ઊંચા કરી લીધા હોવાનું જણાવાયું હતું.

અહીંના લોકો ભરતીના સમયે દરિયામાં નારિયેળ ફેંકવાની પરંપરા હોવાથી લોકો આ પ્રકારના અકસ્માતનો ભોગ બનતા હોય છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું.બોલો, કઈ રીતે જશો?

જોખમી બ્રિજના મરમ્મત યા નવા બનાવવાની કવાયત હાથ ધરવામાં આવતા પશ્ચિમ રેલવેમાં દાદરના બ્રિજને મરમ્મત માટે મંગળવારથી બંધ કરાયો હતો. જોકે, દાદરના ચાર નંબરના પ્લૅટફૉર્મ પરથી લોકો સીડીનો ઉપયોગ ન કરે તેના માટે પ્રશાસન દ્વારા પોલીસને તહેનાત રાખવાની સાથે અવરોધ ઊભો કરવા માટે સ્ટીલના બાંકડાથી સીડીને કોર્ડન કરવામાં આવી હતી. ■

## વિધાન પરિષદ

એનસીપીના ૧૭, લોકભારતીના કપિલ પાટીલ, પીડબ્લ્યુપીના જયંત પાટીલ અને પીઆરપીના જોગેન્દ્ર કવાડે એમ બધું મળીને ૩૬ વિધાનસભ્યો છે જ્યારે ભાજપના પોતાના ૨૨, શિવસેનાના ૧૨ અને રાષ્ટ્રીય સમાજ પક્ષના મહાદેવ જાનકર મળીને કુલ ૩૫ વિધાનસભ્યો થાય છે. હવે કોંગ્રેસના વિધાનસભ્યના મૃત્યુ બાદ ભાજપને આ ચૂંટણી જીતીને વિધાન પરિષદમાં સ્પષ્ટ બહુમતી મેળવવાની તક છે. ■

## ખેડૂત

ખેડૂતે આત્મહત્યા કરી હતી. ૨૦૧૮ના માર્ચ સુધીમાં પુણે વિભાગમાં ૧૯ ખેડૂતની આત્મહત્યાની સરખામણીમાં ૨૦૧૯ના માર્ચ સુધીમાં ૨૯ ખેડૂતે આત્મહત્યા કરી છે. નાશિક વિભાગમાં ૨૦૧૮ના માર્ચ સુધીમાં ૧૦૧ ખેડૂતની આત્મહત્યાની સરખામણીમાં ૨૦૧૯ના માર્ચ સુધીમાં ૧૧૯ ખેડૂતે આત્મહત્યા કરી છે. જલગાંવના ૩૩, અહમદ નગરના ૩૭ અને ધુળેના ૩૦ ખેડૂતે તેમના જીવન ટુંકાવ્યા છે. આત્મહત્યાગ્રસ્ત અમરાવતી વિભાગમાં ૨૦૧૯ના પ્રથમ ત્રણ મહિનામાં ૨૨૭ ખેડૂતે, ઔરંગાબાદ વિભાગમાં ૧૯૮ ખેડૂતે, નાગપુર વિભાગમાં ૩૭ ખેડૂતે આત્મહત્યા કરી છે.

એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે આ વર્ષે જે ૬૧૦ ખેડૂતે આત્મહત્યા કરી હતી તેમાંના ૧૯૨ આર્થિક સહાયને પાત્ર હતા, જ્યારે ૯૬ આર્થિક સહાયને પાત્ર નહોતા, ૩૨૩ કેસ તપાસ હેઠળ છે અને ૧૮૨ કેસમાં મૃતકના સંબંધીને એક્સ-ગ્રેશિયા ચૂકવાઇ ગયું છે. ગયા વર્ષે જે ૨,૭૬૧ ખેડૂતે આત્મહત્યા કરી હતી તેમાંના ૧,૩૩૦ આર્થિક સહાયને પાત્ર હતા, જ્યારે ૧,૦૫૦ આર્થિક સહાયને પાત્ર નહોતા, ૩૮૧ કેસ તપાસ હેઠળ છે. ગયા વર્ષે અમરાવતી વિભાગમાં સૌથી વધુ (૧,૦૪૯) ખેડૂતની અને ત્યાર બાદ ઔરંગાબાદ (૯૪૭) અને નાશિક (૪૨૧), નાગપુર (૨૪૮) અને પુણે (૯૪) ખેડૂતની આત્મહત્યા નોંધાઇ હતી. ■

## શરદ પવાર

અને ડિસેમ્બરમાં થઈ હતી. આમાંથી રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ભાજપે સત્તા ગુમાવી હતી, જ્યારે બાકીના બે રાજ્યોમાં નોંધપાત્ર દેખાવ કરી શકી નહોતી. બીજી તરફ એનસીપી સુપ્રીમો શરદ પવાર ઈવીએમ મશીનના મુખ્ય ટીકાકાર છે.

અજિત પવારે કહ્યું હતું કે 'કેટલાક લોકો ઈવીએમને લઈને શંકા ઉપસ્થિત કરે છે. તેમને એવું લાગે છે કે ઈવીએમ સાથે ચેડાં કરી શકાય છે અને આ બાબત લોકશાહીને માટે હાનીકારક છે. મને આવું લાગતું નથી, પરંતુ લોકો આવું કહ્યા કરતા હોય છે. જો આવું હોત તો ભાજપ પાંચ રાજ્યોમાં હાર્યું જ ન હોત.' અજિત પવારે આ પહેલી વખત ઈવીએમનો બચાવ કર્યો નથી. આ પહેલાં પણ ગયા વર્ષે ૩૦ ઓક્ટોબરે તેમણે નાગપુરમાં ઈવીએમનો બચાવ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શરદ પવારે કહ્યું હતું કે ઈવીએમમાં ઘડિયાળને આપેલો મત કમળને ગયો હોવાનું મેં મારી આંખે જોયું છે. ■

## સેફ્ટી સિસ્ટમ

૨૦૧૮માં ૭,૨૮૭ જેટલા કેસ નોંધાયા હતા, જેમાં ૨૦૪ કેસનો ઉકેલ આવ્યો હતો તથા ૨૪૮ જણની ધરપકડ કરી હતી. સમીક્ષાગાળા દરમિયાન ચોરી-લૂંટફાટના વિવિધ મેલ-એક્સપ્રેસ ટ્રેનોમાં ૨૦૧૯માં ૨૬૯ ગુના નોંધાયા હતા, જે ૨૦૧૮માં ૧૮૫ નોંધાયા હતા, જ્યારે બંને વર્ષ દરમિયાન ગુનાના નિરાકરણના રેશિયાનું પ્રમાણ અનુક્રમે ૧૫૫ અને ૨૨૮ રહ્યું હતું. ચોરી-લૂંટફાટના કિસ્સામાં બંને વર્ષમાં અનુક્રમે ૧૮૦ અને ૨૫૫ જણની ધરપકડ કરી હતી. મધ્ય રેલવેની લગભગ દસેક ટ્રેનોમાં થનારા સરેરાશ ગુનાના પ્રમાણ અંગે અભ્યાસ કરવામાં આવ્યા પછી સૂચિત ટ્રેનોમાં પોલીસના વધારાના સ્ટાફને ફાળવીને સરપ્રાઈઝ ચેકિંગ ચાલુ કરવામાં આવ્યું છે, જેના માટે લગભગ ૬૦ પોલીસ કોન્સ્ટેબલને રાખવામાં આવ્યા છે. લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનોમાં મોટાભાગે રાતના સમયગાળા દરમિયાન ચોરી થાય છે, જેમાં ઉત્તર પ્રદેશ અને બિહારની ટ્રેનોને વધારે ટાર્ગેટ બનાવાય છે, તેથી ઉત્તર ભારતની ટ્રેનોમાં પોલીસે વધારે પેટ્રોલિંગ કરવાની સાથે સરપ્રાઈઝ ચેકિંગ કરવાનું શરૂ કર્યું છે. ■

## દાદર ટીટી

વર્ષે જાન્યુઆરીના અંત સુધી તે પૂર્ણ થશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

સૌથી પહેલા ખાનગી આર્કિટેક્ટની સલાહ લેવામાં આવશે અને ત્યાર બાદ તેમાં પાલિકાના આર્કિટેક્ટ દ્વારા ફેરફાર કરાશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

દાદર ટીટી ફ્લાયઑવર ખોદાદાદ સર્કલ સહિત સાત ભાગમાં વિભાજિત છે. ખોદાદાદ સર્કલ પર એક બાજુએ ચાર ઝોન છે અને બીજી બાજુએ બે ઝોન છે. ત્યાં શિવનેરી બસ ટર્મિનલ અને એસી બસ ડેપો બનાવવામાં આવ્યા છે ત્યારે બાકીના પાંચ બ્લોકને બાળકો માટે રમતગમતનું ગાર્ડન, વ્યાયામ ઝોન સહિત વિવિધ સુવિધા માટે ડેવલપ કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ગાર્ડન માટુંગાના ગાર્ડન કરતાં જુદું હશે. માટુંગા ગાર્ડન નર્મદા નદીને ત્યાં બનાવવામાં આવેલા ગાર્ડનની ડિઝાઇન પર બનાવવામાં આવ્યું છે. દાદર ટીટી ફ્લાયઑવર નીચેની જગ્યામાં કન્ટિન્યૂટી ઓછી હોવાને કારણે બે તબક્કામાં તેને વિભાજિત કરવામાં આવશે, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

બાળકોના ગાર્ડનમાં સાપ-સિડી, લ્યૂડો જેવી ફ્લોરિંગ હશે. આ સિવાય ગાર્ડનમાં આવતા મુલાકાતીઓ માટે ટોઇલેટની વ્યવસ્થા પણ કરવામાં આવશે. હાલમાં આ વિસ્તારમાં ટેક્સીવાળાઓ ગેરકાયદે પાર્કિંગ કરતા હોય છે. સ્થાનિક રહેવાસીઓ દ્વારા પણ આ પ્રસ્તાવને વધાવી લેવામાં આવ્યો છે.

## કોસ્ટલ રોડ

કરનારા કૉન્ટ્રેક્ટરો દ્વારા કોર્ટના આદેશનો ભંગ કરીને જમીનની ભરણી કરવામાં આવી રહી હોવાનો આરોપ કર્યો છે. કોર્ટે જે કામ ચાલી રહ્યું છે તેને પૂરા કરવાનો આદેશ આપ્યો છે.હાલ નવું કોઈ પણ કામ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે, છતાં નવું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જોકે પાલિકાએ જૂનું કામ જ પૂરું કરવામાં આવી રહ્યું હોવાનો દાવો કર્યો છે. જો કામ પૂરું નહીં કર્યું તો ચોમાસામાં બધું ધોવાઈ જશે. ■